ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પૂજાવિધિ, જલાભિષેકમાં પણ ટાંચ મારે છે,*
*ગરબા-દિવાળીમાં પણ 'હથોડો' પંચ મારે છે.*
*આંચ આવે છે ક્યાં ? અને સ્વખર્ચે મનોરંજનમાં -*
*ધાર્મિક ક્રિયાકાંડોમાં પણ કોર્ટ ચાંચ મારે છે...*

### હાઈકુ

*ફરશે હવે*
*'કાળું નાણું' કારમાં -*
*બેફામ બની...*
*(લ્યો! ફરતું તો કર્યું !!)*

*ઉડે કાદવ*
*છે બધા જ નિર્વસ્ત્ર -*
*શરમ કોની !?*
*(વીડિયો વાયરલ)*

### ચિંતન

*અનલ જોતિ વ્હૈ એક સંગા, નયન નેહ જસ જરૈ પતંગા ।*
*કરુ બિચાર જેબિ સબ દુ:ખ જાઈ, પરિ હરિ જૂઠા કેર સગાઈ ॥*

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જ્યારે સંસારી જીવ સાચ છોડીને મિથ્યા વિષયનો સંગ કરે છે, ત્યારે તે વિષયસંગ જીવને રાગદ્વેષ વગેરે વડે અગ્નિની જવાળામાં બાળે છે. આમ છતાં પતંગિયા સ્વયં, અગ્નિજવાળામાં ઝંપલાવીને મરી જાય છે. તેમ માણસ પણ વિષયાસક્ત બનીને વિષયાગ્નિમાં ઝંપલાવીને મરી જાય છે. તેમ માણસ પણ વિષયાસક્ત બનીને વિષયાગ્નિમાં બળ્યા કરે છે. એનાથી બચવા માટે કબીર કહે છે કે, હે જીવ! તું મિથ્યા પદાર્થો સાથેનો સંબંધ છોડી દઈને સુખ સ્વરુપ બ્રહ્મવિચાર કર, તેથી તારા સર્વ દુ:ખો દૂર થઈ જશે.

સંસારમાં વિષયો અસંખ્ય છે, એ બધા ઉપર જીવને પ્રેમ છે. એથી એ જીવને બાળ્યા કરે છે. એ માટે પતંગિયાનો દાખલો આપ્યો છે. બ્રહ્મવિચાર જ આત્યંતિક દુ:ખની નિવૃત્તિની સાધના છે. પ્રથમ વિચારપૂર્વક વિષયસંબંધ છોડવા જોઈએ, કેમ કે વિષયો બ્રહ્મવિચારના બાધક છે.

### સુવિચાર

- જિંદગીના દિવસો વધારવા છે ? તો વિચારોના કલાકો ઘટાડી નાખો - **એસ. ભટ્ટાચાર્ય**
- અંધેરે સે મત ડરો, સિતારે અંધેરે મેં હી ચમકતે હૈ - **અજુંમન**
- કોઈ પણ સંબંધનું ખરું મૂલ્ય બે વ્યક્તિ વચ્ચેની પ્રથમ નહિં અંતિમ મુલાકાત ને આધારે નક્કી થતું હોય છે - **રીઝવાન ગુજરાતી**
- નફરતમાં કોઈ દિવસ બેવફાઈ હોતી નથી, નયફરત બધા જ ઈમાનદારીથી કરે છે - **જવાહર બક્ષી**
- અતિતને વળી કયાં હોય છે અંતર ?? જરા યાદ કરો એટલે થાય છે જીવંત.... - **અખંડ આનંદ**
- તરતા તરત જ આવડી જાય... ડૂબાડવા વાળા જો કોઈ અંગત હોય તો... - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : વાળ ખરતા હોય ત્યારે માથામાં ગોરાળું માટી લીંબુના રસમાં મેળવી ચોપડવાથી વાળ ખરતાં અટકે છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

૧૨૫૦ વર્ષ પહેલાંની વાત. બ્રિટન ગુલામ હતું અને હોલેન્ડનું તેના પર આધિપત્ય હતું. બ્રિટન હોલેન્ડની રાજસત્તા ફેંકી દેવાના મરણિયાં પ્રયાસો કરતું હતું. પૂરી તૈયારી સાથે ઈંગ્લેન્ડના સૈન્યએ હોલેન્ડની સાથે યુદ્ધ કર્યું. કિંગ્સ્ટન મુકામે ઘમાસાણ યુદ્ધ થયું. પણ જયાં સુધી હોલેન્ડનો મહાન લડવૈયો સેનાપતિ મોજુદ હતો ત્યાં સુધી હોલેન્ડને હારવાની કોઈ શક્યતા નહોતી.

છેવટે યુક્તિ કરી સેનાપતિને માર્યો અને એના માથાને કાપી બ્રિટનના સૈનિકો પગથી લાત મારી ફંગોળવા લાગ્યા. તેમનો એ વિજય ઉત્સવ એટલો બધો હતો કે તેમને માટે આઝાદીની આ જીત ભૂલાવી શકાય જ ન હતી. એટલે એ જીતને યાદગાર બનાવવા તેમણે ચામડાના દડાની શોધ કરી અને એ દડાને લાત મારવાની રમત રમવા લાગ્યા.

એ રમત એ જ ફુટબોલ. ઈંગ્લેન્ડે એ જીત મંગળવારે મેળવેલી હતી. આથી એ યાદગીરી કાયમ રાખવા આજે પણ વર્ષના એ યાદગાર મંગળવારે કિંગ્સ્ટન મુકામે ફુટબોલની મોટી મેચ ગોઠવાય છે અને જોરજોરથી પોતાના શત્રુને લાત મારતા હોય તેમ ખેલાડીઓ ફુટબોલ રમી આનંદ - ઉત્સાહ મનાવે છે.

# જો જીતા વોહી સિકંદર

**તંત્રીસ્થાનેથી...**

હાર્દિક પટેલના નેતૃત્વ વાળી 'પાસ' અને કોંગ્રેસ વચ્ચેની વાટાઘાટોને ખુદ હાર્દિક પટેલે સંતોષકારક ગણાવી છે અને આગામી થોડાક જ દિવસોમાં અનામત મુદ્દે કોંગ્રેસ તેના તજજ્ઞ ધારાશાસ્ત્રીઓ દ્વારા આ અંગે પણ સ્પષ્ટતા કરશે એવી હૈયાધારણ મળી છે. પાંચ પૈકીની ચાર માગણીઓનો સુવાંગ સ્વીકાર, ઉપરાંત ૩૫ લાખ જેવું શહીદ દીઠ પાટીદાર પરિવારને વળતર તથા નોકરી અને ગોળીબાર અંગે પણ તપાસ કરી કસૂરવારને સજા જેવી બાબતોનો સ્વીકાર કરી કોંગ્રેસે પાટીદાર અનામત આંદોલન સમિતિના આગેવાનોનાં દિલ જીતી લીધાં છે. રાજદ્રોહ અને રાષ્ટ્રદ્રોહ સહિતના તમામ કેસ પાછા ખેંચી લેવાની પણ ખાતરી અપાઈ છે. સ્વાભાવિક છે કે આવા વિધાયક વલણ પછી હાર્દિક પટેલ એમની યુવા મંડળીને આગામી ચૂંટણીમાં કોંગ્રેસ તરફી મતદાન કરાવવાનો જ આદેશ આપે. ગુજરાતના મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રીએ ત્રણે યુવા આંદોલનકારીઓ - હાર્દિક, અલ્પેશ એન જિજ્ઞેશને રીઝવવાના પ્રયાસો છોડી દીધા છે અને આ ત્રણે આંદોલનો કોંગ્રેસની લાઈનદોરી મુજબ ચાલતાં હોવાનો ખુલ્લો આક્ષેપ કરી સમાધાનના દરવાજા બંધ કરી દીધા છે. હાર્દિક સાથે કોંગ્રેસનું 'મેચ ફિક્સિંગ' થયું હોવાનો આક્ષેપ કરીને નીતિન પટેલે આ ગ્રુપને વધારે છંછેડી મૂક્યું છે. કોંગ્રેસે બંધારણની મર્યાદામાં રહી પાટીદાર સમાજને ઘટતો ન્યાય અપાવવાનો વાયદો કર્યો છે એટલે હવે ચૂંટણી પ્રચાર દરમિયાન એને અમિત શાહ સામે થયેલા હોબાળાનો સામનો નહીં કરવો પડે એટલું તો નક્કી. નીતિન પટેલે તો કોંગ્રેસ હાર્દિકની 'હુલ' થી ડરી ગઈ હોવાનો આરોપ પણ મૂક્યો છે. હાર્દિક પટેલમાં આવી ધાકધમકી આપવાની હિંમત કેળવાતી ગઈ એ માટે આપણે કોને જવાબદાર ગણીશું ? ભારતીય જનતા પાર્ટીના ખેરખાં અને તત્કાલીન આનંદીબેન પટેલ કહેતાં 'ફોઈબા'ની સરકારે હાર્દિકને ઉંદરમાંથી વાઘ બનાવી દીધો હતો તેમાં પણ તથ્ય તો છે જ. પાટીદાર સમાજ એ ભાજપનો આધારસ્તંભ છે, અને આગામી ચૂંટણીમાં એ અકબંધ નથી રહી શકવાનો એની પ્રતીતિ ભાજપની નેતાગીરીને થઈ ચૂકી છે. ઉપમુખ્યમંત્રી નીતિન પટેલે અલ્પેશે ઠાકોર કોંગ્રેસમાં જોડાયા ત્યારે જૂની 'ખામ' થિયરી કોંગ્રેસે નહીં છોડી હોવાની કોમેન્ટ પણ કરી હતી. પાટીદાર અને ક્ષત્રિયો સામસામા જ રહેતા એવી રાજકીય પરિસ્થિતિને કારણે કયારેક ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ તો કયારેક માધવસિંહ સોલંકીનો સિતારો ચમકી જતો. નરેન્દ્ર મોદીએ ગુજરાતના આ જ્ઞાતિવાદ ઉપર સાંપ્રદાયિક વૈમનસ્યનો ઢોળ ચડાવી હિંદુ વિરુદ્ધ મુસ્લિમ જેવી રાજનીતિ શરુ કરતા જ્ઞાતિવાદ નબળો પડ્યો હતો. જો કે કાળક્રમે જ્ઞાતી સમીકરણો જ વિશેષ મહત્ત્વનાં બની રહ્યાં છે અને મોદી વાવાઝોડા દરમિયાન ખુદ મોદી આવા સમીકરણો માંડીને જ ઉમેદવારોની પસંદગી કરતા રહ્યા હતા તે કોણ નથી જાણતું ? હવે જયારે ગત ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મતસંખ્યામાં માત્ર દસ ટકાનો જ તફાવત હતો તે જોતાં પાંચ ટકા મતોની હેરાફરી પરિણામ બદલી શકે છે. કોંગ્રેસ પાસે પાટીદાર સમાજનો આંશિક ટેકો પણ આવ્યો, તે એની સફળતા છે. આગામી દિવસોમાં રાજકીય આટાપાટા ખેલાશે અને કહેવાતી 'વોટબેંકો'માં ગાબડાં પડાવવાની કોશિશ થશે. જો જીતા વોહી સિકંદર!

# અચાનક થયેલ બોણીથી ખુશ થઈ રામુ ઘર તરફ ચાલી નીકળ્યો



## નવાં કલેવર

નટવર હેડાઉ

સાંજ થવા આવી હતી છતાં આજ એક પૈસાની પણ બોણી શુદ્ધાં થઈ નથી. વાંસની ખપાટોનો ફરમો બનાવી તેમાં ફુગ્ગા, પાવા અને ફરકડી જેવાં રમકડાંને ટીંગાડી રાખુ રોજ સવારે ઘેરથી નકીળી પડે છે. મેળો હોય ત્યારે મંદિરની પાસે ઊભો રહે છે. ત્યાં આવતાં ભાવિકો સાથે બાળકોને રમકડાં અપાવે છે તેથી રામુને સારી આવક થઈ જાય છે. કયારેક કોઈ લગ્ન સમારંભ કે બગીચાની બહાર ઊભી રહે છે ત્યારે પણ કમાણી થઈ જતી હોય છે. પરંતુ રોજે રોજ એવું બધું કયાંથી હોય ? તેથી બજારમાં શાક માર્કીટ કે પછી ચાર રસ્તે ઊભો રહી તે ફુગ્ગા કે પાવા વેચવાનો પ્રયાસ કરે છે. તે માટે રામુ કયારેક પાવો વગાડે છે તો કયારેક ફરકડીને આમતેમ ફેરવીને અથવા ફૂગ્ગા પર હથેળી ઘસીને અવાજ કરી બાળકોને આકર્ષવાની કોશિશ કરે છે. બાળગ્રાહકોને આકર્ષવાની તેનામાં જબરી આવડત છે. વળી બાળકોની વસ્તુ ખરીદવામાં છૂટ્ટા પૈસાની સમસ્યા નડે છે તેથી તેથી તે પોતાના ડાબા ખિસ્સામાં પરચુરણ સિક્કા લઈને જ નીકળે છે.

શિયાળાના સમયમાં દિવસ ટૂંકો થવા લાગ્ય છે. હમણાં દિવસ આથમવા લાગશે. અંધારું થતાં પહેલાં ઘેર પાછા ફરતાં રસ્તામાં એક પુલની પાળી પર બેસી થાક ઉતારવા તે બીડી પીવા લાગ્યો. ધંધો થયો નહોતો તેથી તેનું મન ઉદાસ હતું. દૂર દૂર સુધી ખાસ કોઈ આવતું જતું દેખાતું ન હતું. ત્યાં તેની નજર દૂરથી બાળકને લઈને આવતી એક સ્ત્રી પર પડી. તેણે માથા પર બળતણમાં લાકડાની ભારી લીધેલી હતી. તેના હાથની આંગળી પકડી એક નાનું બાળક તેની સાથે ચાલી રહ્યું હતું. નજીક આવતાં જોયું તો તે મજૂરણ જેવી લાગી હતી.

પુલની પાળી પાસે આવતાં તેણે માથા પર લીધેલ લાકડાંનો ભારો ઉતાર્યો અને થાક ખાવા બેઠી.

ફૂગ્ગા પર નજર પડતાં છોકરો તે લેવા માટે મા પાસે જીદ કરવા લાગ્યો. બે ચાર વખત સમજાવવા છતાં છોકરો પગ પછાડી ધમાલ કરવા લાગતાં તેણે તેનાં ગાલ પર એક તમાચો ચોડી દીધો. અને ધમકાવવા લાગી કારણ કે આજે આખો દિવસ મજુરી કર્યા પછી પણ તેની નાની સરખી ભૂલને કારણે મુકડદમ તેના આખા દિવસના પૈસા હજમ કરી ગયો હતો. તેમાં ફૂગ્ગો કઈ રીતે લઈ આપે. છોકરો રડવા લાગ્યો.

પુલના બીજા છેડે બેઠેલ રામુનું ધ્યાન તેમની તરફ જાય એ સ્વાભાવિક હતું. તે ઊભો થયો અને પેલા રડતા છોકરાની પાસે ગયો. એક ફૂગ્ગો અને પાવો તેના હાથમાં આપી તેના માથા પર હાથ ફેરવ્યો અને છાનો રાખવાની કોશિશ કરવા લાગ્યો. પછી પોતાના ડાબા ખિસ્સામાં હાથ નાંખી થોડી પરચુરણ કાઢી અને તેમાંથી પેલી બંને વસ્તુઓ એટલે કે ફૂગ્ગો અને પાવાની કિંમત જેટલા પૈસા જમણા ખિસ્સામાં મુકયા.

અચાનક થયેલ આ અનોખી અને સુખદ બોણીથી ખુશ થઈ હસતો હસતો રામુ ઘર તરફ ચાલી નીકળ્યો.

# જેની સીમા ન હોય એનું નામ શ્રદ્ધા



## ગુલમહોર

દિનેશ દેસાઈ

શ્રીહરિ લીલા કલ્પતરુમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે "જેની સીમા હોય એને શ્રદ્ધા ન કહીએ." ધર્મ, ભક્તિ, દઢતા, ધીરજ, શ્રદ્ધા, વિશ્વાસ, ધૈર્ય ખુટે નહીં. ગમે તેવી વિપદ કે પરીક્ષા આવે. બલિ રાજાએ અખંડ તપ કરીને ભગવાનને પ્રસન્ન કર્યા. ભગવાનને વશ કર્યા, વરદાન માગી લીધું અને પોતાના દ્વારપાળ બનાવીને એ રીતે ભગવાનને પોતાની પાસે જ રાખી લીધા. ભગવાન સ્વામિનારાયણ પણ દાદા ખાચરની ધર્મ-ભક્તિથી પ્રસન્ન થઈને તેમની પાસે સળંગ ૩૦ વર્ષ રહ્યા.

ભગવાન સ્વામિનારાયણનો જન્મ છપૈયા ગામે થયો. બાળ ઘનશ્યામ ૧૧ વર્ષ ઘરે રહ્યા બાદ ગૃહત્યાગ કર્યો. સતત ૭ વર્ષ વનવિચરણ કર્યું અને અખંડ સાધના કરી. ત્યાર બાદ ૩૦ વર્ષ દાદા ખાચરના દરબારમાં રહ્યા અને ૧ વર્ષ અન્યત્ર વિચરણ કર્યું. આમ કુલ ૪૯ વર્ષ સદેહે રહ્યા બાદ અક્ષરધામગમન કર્યું.

ગુજરાતમાં ડાંગ જિલ્લામાં પંપા સરોવરના કિનારે એક ઝુંપડામાં રહેતી આદિવાસી પરિવારની શબરીબાઈ ભગવાન શ્રીરામની પરમભક્ત હતી. તેની ભક્તિમાં ધૈર્ય યાને ધીરજ અને સમર્પણની કથા જાણીતી છે. ડાંગનું શબરીધામ, પંપા સરોવર આજે પણ એ ધર્મકથાની સાક્ષી પુરે છે. શબરી સાધુ-સંતોની સેવા કરવામાં માનતી. આંગણે આવેલ અતિથિને કંઈક ખાવા-પીવા આપે અને સેવા કરે.

એક દિવસ શબરીના આંગણે માતંગ ઋષિ પધાર્યા. શબરીએ તેમની પણ સેવા-પૂજા કરીને પોતાના ગુરુપદે સ્થાપ્યા. માતંગ ઋષિએ પ્રસન્ન થઈને શબરીને કહ્યું કે "તારા ઘરે એક દિવસ ભગવાન શ્રીરામ સામે ચાલીને આવશે અને તને ભગવાનનાં દર્શન કરવાનો અને એમની સેવા-પૂજા કરવાનો અવસર પ્રાપ્ત થશે."

જેમને પોતે ગુરુ માન્યા એ માતંગ ઋષિના વચન ઉપર શબરીને કેટલો બધો વિશ્વાસ કે દરરોજ વહેલી સવારે તે પોતાની ઝુંપડી સુધીની પગદંડીનો રસ્તો વાળી-ઝુડીને સાફ કરે. કાંટા, ઝાંખરા, બાવળ વગેરે વીણી લે. નજીકમાંથી બોર, ફળ વગેરે ભગવાનને ધરાવવા માટે વીણી લાવે અને પછી ઝુંપડીની બહાર બેસીને ભગવાનની નિરંતર પ્રતીક્ષા કરે. શબરીનો આ નિત્યક્રમ બની ગયો. એમાંને એમાં દિવસો, મહિના, વર્ષો વીતતા ગયાં.

> આપણે જુદા જુદા ગેઝેટ્સ નિયમિત સમયે અપ-ડેટ કરાવવા પડે છે. જો સતત અપ-ડેટ ન કરાવીએ તો અપડેશન માટે નૉટિફિકેશન આવી જાય અને ઈન્સ્ટ્રુમેન્ટ હૅન્ગ થઈ જાય. જિંદગીમાં આપણે પણ સતત અપ-ડેટ રહેવું જરુરી છે

માતંગ ઋષિ તો વરદાન આપીને ચાલ્યા ગયા. એમને તો સહેજ પણ ખ્યાલ નહીં કે પોતાના ગયા પછીની પ્રત્યેક ક્ષણ શબરી તો ભગવાનની પ્રતીક્ષામાં જ વીતાવી રહી છે. ખુદ માતંગ ઋષિને પણ ખબર નહોતી કે ભગવાન ખરેખર આવશે? અને આવશે તો ક્યારે આવશે, એની કોઈ તિથિ, દિવસ કે સમય નક્કી નહોતા.

યુવાન આદિવાસી શબરી આધેડ અને હવે વૃદ્ધ બની હતી. શરીર ક્ષીણ થયું હતું. કેડેથી નમી ગઈ હતી. આંખોનું તેજ પણ ક્ષીણ થયું હતું. શરીરની ત્વચા પણ કાંચળીની જેમ ઢીલી પડી ગઈ હતી. શરીરમાં અશક્તિ પણ વ્યાપી ગઈ હતી. આવી સ્થિતિમાં પણ શબરીએ પોતાનો નિત્યક્રમ જાળવી રાખ્યો હતો. રોજ વહેલી સવારે ઊઠી જાય. પ્રાત:ક્રિયા અને પૂજા-પાઠ કરે તથા ઝુંપડી સુધીની પગદંડી દૂર સુધી વાળીને ચોખ્ખી કરી દે. નજીકમાંથી ફળ-ફૂલ ચુંટી લાવે અને ફળ-ફૂલની ટોકરી સજાવીને ભગવાનની પ્રતીક્ષામાં આંગણે બેસી રહે. તેની શ્રદ્ધાને કોઈ સીમા નહોતી. આખરે એક દિવસ ભગવાન શ્રીરામ પોતાના લઘુબંધુ લક્ષ્મણજી સાથે શબરીને દ્વાર આવી પહોંચ્યા. આ છે ભક્તિ, આ છે પ્રતીક્ષા, આ છે સમર્પણ.

આપણે જુદા જુદા ગેઝેટ્સ નિયમિત સમયે અપ-ડેટ કરાવવા પડે છે. જો સતત અપ-ડેટ ન કરાવીએ તો અપડેશન માટે નૉટિફિકેશન આવી જાય અને ઈન્સ્ટ્રુમેન્ટ હૅન્ગ થઈ જાય. જિંદગીમાં આપણે પણ સતત અપ-ડેટ રહેવું જરુરી છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં ગઢડા અંત્યના ૯માં કહ્યું છે કે "જાણપણારુપ દરવાજે ઉભા રહેવું." શ્રીજી મહારાજે વચનામૃતમાં ગઢડા પ્રથમના ૩૮ "વણિકના નામાંનું"માં પણ જાણપણાની વાત કરી છે.

અક્ષરબ્રહ્મ સ્વામી ગુણાતીતાનંદે "સ્વામીની વાતો"માં કહ્યું છે કે "સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું, અંતરનો તપાસ કરવો." આપણે જાણપણારુપ દરવાજે ઉભા રહેવું એટલે? જે ગરીબ છે તેને તો કોઈનો ડર નથી પણ જેને ભગવાનરૂપી દોલત મળી ગઈ છે તેણે સતત જાગૃત રહેવાનું છે. સતત અપ-ડેટ રહેવું યાને ઈશ્વરકૃપા પછી પણ અભિમાન ન આવી જાય, કોઈ પ્રત્યે અભાવ ન આવી જાય, ભક્તિથી ડગી ન જવાય એનું ધ્યાન સતત રાખવું પડે. સ્વામી ગુણાતીતાનંદ કહે છે એમ સતત અંતરની તપાસ કરતા રહેવું. ધર્મ કે ભક્તિનો પણ મદ ન થવો જોઈએ, એનું ધ્યાન પણ રાખવું જોઈએ.

**જસ્ટ ટ્વીટ :**

"મન સ્વાદે માળા ફેરવે, ગળા સ્વાદે ગાય,
કોઈ કોઈને પુછે નહીં, કલ્યાણ કેમ થાય?"

**અજ્ઞાત**

# સાલા કુત્તા કહીં કા...!! ખબરદાર જો અમારાં કૂતરાંને કૂતરો કીધો છે તો...!!



## Hello ફ્રેન્ડસ!

સંજય થોરાત 'સ્વજન'
mail@sanjaythorat.com

'લો આ પહેલી રોટલી, કૂતરાને નાંખી આવો.' પત્નીના ફરમાન સામે મેં જરાં હળવાશથી કહ્યું, 'સવાર સાંજ તારી સામે પૂંછડી પટપટાવતા આ કૂતરાંને પહેલાં ખવડાવને...' અને મારી એ મજાક મને એટલી ભારે પડી કે એ બોલી, 'તમે દત્તાત્રેય ભગવાનના વાહન કૂતરાંની મશ્કરી કરો છો?' અને એણે જે પ્રમાણે ઘુરકીયાં કરીને પછી હનુમાનજીની જેમ ગાલ ફુલાવીને ભેસી ગઈ કે મારે રજાને દિવસે નાસ્તા માટે કૂતરાની જેમ ઘેર ઘેર ભટકવાનાં વારા આવ્યા....



હજુ તો હમણાં જ લાભ પાંચમ ગઈ હવાથી નૂતન વર્ષાભિનંદનને બહાને આડોશ પાડોશમાં નાસ્તો કરવાનો ચાન્સ હતો. એક મિત્રના ઘરે જઈને બેલ મારી ત્યાં જ જોરથી કૂતરો ભસ્યો. ત્યાં દરવાજો લાગેલા બોર્ડ પર નજર પડી. 'ટોમીથી સાવધાન' મિત્રના પપ્પા દરવાજો ખોલી બહાર આવ્યા એટલે મેં નિર્દોષતાથી પૂછ્યું, 'તમારો કૂતરો કરડશે તો નહીં ને ?' મેં શું ભૂલ કરી એ તો ખબર જ ના પડી, એ કૂતરા કરતાંય વધુ જોરથી ભસ્યાં આઈ મીન બરાડ્યા. 'ખબરદાર જો અમારાં ટોમીને કૂતરો કીધો છે તો....' અને મને કૂતરાને કૂતરો કહેવાની ભૂલ ભારે પડી કે ચા-નાસ્તો તો જવાદો પાણીનો ગ્લાસ પણ ના ધર્યો...

એમ તો પાછો હું હિંમતવાળો, એકસેસ લઈને હજુ એકાદ ઘરે નાસ્તાની અપેક્ષાએ લાળ ટપકાવતો નીકળ્યો. ત્યાં મારી એકસેસને આડે એક કૂતરો આવ્યો. બિલાડી આડી ઉતરે તો કંઈક અમંગળ થાય એવું વાંચેલું, પણ કૂતરાં વિશે નહીં એટલે ચિંતાનું કારણ નહોતું એવો મારો ભ્રમ એણે મારી પાછળ પડીને તોડી નાંખ્યો. હું જેટલું એક્સિલેટર આપતો એટલી એ ઝડપ વધારતો, ભૂખ્યાં પેટે મારા હાથ પર પણ ધ્રૂજતાં હતા, સરવાળે એને એરિયા પૂરો થતાં એ પાછો વળ્યો અને મેં રાહતનો શ્વાસ લીધો.

નાસ્તાની મથામણમાં અને કૂતરાની બીકમાં લઘુશંકા લાગેલી, મેં રસ્તાની બાજુમાં વાહન પાર્ક કરી હજુ જગ્યા શોધતો હતો ત્યાં એક કૂતરાની અને મારી નજર એક જ થાંભલા પર પડી, મારાં પહેલાં એ ત્યાં પહોંચી એક પગ ઊપર કરી કાર્યક્રમ પતાવ્યો, હવે ત્યાં જઉં તો મારામાં કૂતરાની ફિલીંગ આવે એટલે બીજી જગ્યા સૂંઘવા એટલે કે શોધવા લાગ્યો... કૂતરાનો નિસાસો એવો આડો આવ્યો કે ભૂખ-તરસ બધું ભૂલવા લાગ્યો.

> પીઢ પાછળ છાનો આવી બચકાં ભરતો,
> હાથી પાછળ એ ભૂંકનારો, જોયો કૂતરો.
> પૂંછ હલાવી પગ ચાટે ને સ્નેહ બતાવે,
> માણસ જેવો થી રે'નારો, જોયો કૂતરો!

'મૂંગા પ્રાણીને પ્રેમ કરો' એના હું જરાય વિરોધમાં નથી, પણ એ કેટલો અને કયાં કરવો એ વિશે જરા સ્પષ્ટ જ છું. ફાલતું લાડ અને વખાણ કરનારાનો તો હું વિરોધી જ છું, હા હું કૂતરાની જ વાત કરું છું. પોતાના ઘરમાં શ્વાનપ્રેમી લોકો કૂતરો પાડે છે, એમને એકદમ ફેમિલી મેમ્બરનો દરજ્જો આપે છે. એમનું નામ રાખે છે અને માણસ કરતાંય વધુ વહાલ કરે છે. એમના એ રાજા, રાણી, ટોમી, મોતી, રેંચો, બ્રેવોને કોઈ કૂતરો કહે તો એ કૂતરા પહેલાં જ તેઓ ભસવાની કે કરડવાની ક્રિયા કરે છે!

એ સજ્જનો પછી એમનાં એ ફેમિલી મેમ્બર કૂતરાંને ફેમિલી ફંકશનમાં ફરવા લઈ જાય છે. લગ્ન, બર્થ ડે પાર્ટી, જનોઈ, વાસ્તુ શઆંતિ, સિમંત, પિકનીક... કેટલાંક તો મરણના તેરમાના જમણમાં કૂતરાંને લઈને હાજરી પુરાવે છે. હવે એ કૂતરાંને જો એ સગાવહાલામાં કોઈક એનાં જેવું લાગે એટલે જોરશોરથી ઓળખાણ કાઢતો હોય એમ ભસવાનું ચાલુ કરે છે. પછી એ કૂતરાંનાં માલિક શાંતિથી એને સમજાવશે, જરૂર પડે તો પ્રેમાળ ગુસ્સો કરો, અને પછી માથા પરથી હાથ ફેરવતાં વાત કરવા લાગે, અને એમનું બોલેલું કૂતરાંને કેવું ખબર પડે છે? એની સમજ ત્યાં હાજર બધાંને કરાવી દે, અને બધાં પાછાં ડાહ્યાં ડમરાં થઈ માની લે, કોણ કૂતરાં જેવું થાય ?

ઘરની વ્યક્તિ પર ગુસ્સો, તિરસ્કાર, અને મૂક પ્રાણી પર પ્રેમનો વરસાદ! આવો જો પ્રેમ મળવાનો હોય ને તો હું પતિ કરતાં કૂતરો થવાનું વધુ પસંદ કરું અને મૂંગો મરું ! શું કારણ હશે ? આ જનાવર વિશે આટલો પ્રેમ થવાનું ? કૂતરો પ્રામાણિક હોય છે. પણ આ તો એક ક્વૉલિફીકેશન થયું, પણ આપણે પણ આસપાસના લોકો સાથે પ્રામાણિક જ હોઈએ છીએ ને ? તોય કયાં કોઈ પ્રેમ કરે છે, રોટલી ખવડાવે છે એટલે કે નાસ્તો કરાવે છે ? ઉલ્ટાનું અપમાન અને કામ ન કર્યાની ફરિયાદ જ લોકો લઈને ફરતા હોય છે.

સારું કૂતરો ચોરોથી ઘરનું રક્ષણ કરે છે. હવે, છાપામાં કેટલાંય કિસ્સાં વાંચ્યા છે કે કૂતરાંને બેભાન કરીને તસ્કરો હાથફેરો કરી ગયાં. ઘરનાં લોકોને કૂતરાંએ કરડ્યાંના અને સ્કિમમાં ચૌદ ઈન્જેકશનો લીધાનાં અનેક કિસ્સા સાંભળવા મળ્યાં છે. આટઆટલી તકલીફ છતાં લોકોનો પ્રાણીઓ વિશે અને એમાંય કૂતરાં વિશેનો પ્રેમ તસુભર પણ ઓછો થતો જ નથી. ઉલટાનું એનો અલગ રૂમ, કપડાં, ખાન-પાન, સ્નાન અને રેગ્યુલર ચેકઅપ.... વેટરનેરી ડૉકટર કૂતરાંમાંથી એટલું કમાયા છે કે એ લોકો કૂતરાંનો મોટો ફોટો કે મૂર્તિ બનાવી એની પૂજા કરે એવું સમસ્ત કૂતરા પ્રજાતિની માંગ ઊઠી છે !

કૂતરાનાં વિચારમાં બગીચાને બાંકડે બેઠો હતો ત્યાં જોયું તો એક બહેન બબ્બે મોટાં કૂતરાં લઈને ફરવા નીકળેલાં. પછી તો એમની સ્ટોરી ત્યાં બારકડે બેઠેલાં એક પંચાયીતા બહેને સંભળાવી. એમણે તો પતિથી ડિવોર્સ લીધા છે. પછી બે કૂતરાં પાળ્યા. એમનાં માટે ખાસ પલંગ, જમવામાં બિસ્કીટ, મટનની ખાસ વ્યવસ્થા. એમને કંટાળો ના આવે એટલે ખાસ ટીવી પર કાર્ટૂન ચેનલ જેમાં બિલાડીને હેરાન કરતાં ઉંદરડાં જેવું કંઈક લગાડીને બેન ખોળામાં બબ્બે કૂતરાંને લઈને બેસે. એમનાં માટે કપડાં પણ લંડનથી મંગાવે. દિવાળીએ નવાં કપડાં પહેરાવે. એમનાં બંને કૂતરાં મસ્તી કરે એકબીજાનાં કપડાં ફાડી ખાય તો એ એના વખાણ કરતાં ના સમાય !

એ પોતાના હાથે કૂતરાંને કોળીયો ખળડાવે. અને પાછાં બધાને કહે, 'જાનુ તો મારા વગર જમે જ નહીં?' કોઈ નવોસવો માણસ તો 'જાનુ' એટલે એનો પતિ જ સમજે. એણે એના કૂતરાંના નામ 'જાનુ' અને 'જોન' રાખેલાં. ખાઈ પીને તાજાં થયેલાં એમનાં કૂતરાં રાત દિવસ ભરી ભસીને કકળાટ કરે અને જો કોઈ પડોશી ફરિયાદ કરવાં આવે તો એમનું જરાય સાંભળી ના લે. 'અમારાં રમતીયાળ પેટ્સની ઈર્ષા કરે છે, પાડોશીઓથી આ સુખ સહન

અનુસંધાન પાના નં. ૬ પર